**//આંક–૦૫ અરજી લગત હુકમ//**

(૧) હાલના અરજદારે આ અરજી વચ્ચગાળાનુ ભરણ પોષણ મેળવવા દાખલ કરેલ છે. અરજી વંચાણે લેવામાં આવેલ છે. અરજદાર તથા સામાવાળાના વિ.વ.શ્રી મૌખિક દલીલો ધ્યાને લીધી.

(૨) આ કામના અરજદારે માનસર નમ્ર અરજ કે, તેઓએ અત્રેની કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨ તથા ૨૩ વિગેરે મુજબની અરજી કરેલ છે જે અરજીને આ અરજીનો એક ભાગ ગણવા નમ્ર અરજ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, આ કામે કેસ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય તેમજ તેઓને હાલ રહેણાંકની કોઈ વ્યવસ્થા ન હોય, અરજદાર હાલ ઓશીયાળુ જીવન વિતાવે છે, આવી કારમી મોંઘવારીના સમયમાં અરજદાર તેઓનુ માંડ–માંડ ભરણ પોષણ કરે છે જેથી તેઓની ઘરેલુ હિંસાની મુળ અરજી ચલાવવામાં ઘણો લાંબો સમય જાય તેમ હોય, જેથી હાલની આ વચ્ચગાળાની અરજી તાત્કાલીક ભરણપોષણ મેળવવા માટે તેમજ રહેણાંકની વ્યવસ્થા કરવા માટે કરેલ છે.

<u>જેથી આ અરજી કરી દાદ માંગેલ છે કે,</u>

:૧: આ કામના સામાવાળાઓ આ કેસનો આખરી નિકાલ થાય ત્યાં સુધી દર મહીને અરજદારને વચગાળાની રાહત પેટે ભરણ પોષણના કુલ માસીક રૂ.૨૫,૦૦૦/– ચુકવી આપે તેવો ન્યાયના હીતમાં હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે.

:૨: કેસ ચાલતા સુધી આ કામના સામાવાળાઓ અમોને કોઇ પણ પ્રકારની શારિરિક કે માનસિક હિંસા ન કરે કે અમોને કોઇ પણ પ્રકારની અડચણ અને અટકાયત ન કરે કે ઇલેકટ્રોનીક કે તકનીકી સાધન વડે અમારો સંપર્ક ન કરે તેવો વચગાળાનો હુકમ ફરમાવવા ન્યાયના હિતમાં હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

:૩: હાલ અમારે રહેણાંકના મકાનની વ્યવસ્થા ન હોય તાત્કાલીક રહેણાંકની વ્યવસ્થા કરી આપવા હુકમ

ફરમાવવા અરજ કરેલ છે.

(૩) સદરહુ કામે સામાવાળા નં.૪ તરફે આંક–૧૭ થી અરજદારની મુખ્ય અરજી તથા વચ્ચગાળાની અરજીનો સંયુકત લેખિત જવાબ તથા દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, અરજદાર તથા સામાવાળા નં.૧ ના લગ્ન સાદાઇથી માતાજીના મંદીરે થયેલ હોય જેથી અરજદાર કોઇ કપડાલતાં કે ફર્નિચરની ચીજ લઇ આવેલ જ નથી અને સામાવાળા નં.૪ મોરબી મુકામે તલાટી કમ મંત્રી તરીકે નોકરી કરતા હોય જેથી તેઓને જે સરકારી કવાર્ટર મળેલ છે તેમાં આ કામના અરજદાર તથા સામાવાળા નં.૧ થી ૩ નાઓ કયારેય સાથે કવાર્ટરમાં રહેલ જ નથી. કવાર્ટરમાં સામાવાળા નં.૪ તથા તેઓના પતિ પહેલેથી અલગ રહે છે તથા સામાવાળા નં.૪ ના છેલ્લા ૧૧ વર્ષથી લગ્ન થઇ ગયેલ હોય અને પહેલેથી તેઓની સાસરીમાં રહે છે. સામાવાળા નં. ૪ અરજદાર તથા સામાવાળા નં. ૧ ના લગ્ન થયા બાદ અરજદારને સામાવાળા નં. ૪ માવતરના ઘરે જતા આવતાં તે પહેલેથી જ ગમતું નહી. જેથી સામાવાળા નં. ૪ અરજદારના લગ્ન બાદથી જ સામાવાળા નં. ૧ થી ૩ નાની ઘરે ગયેલ જ નથી કે કોઈ સંબંધ હાલ ધરાવતા જ નથી કે સામાવાળા નં. ૪ એ સામાવાળા નં.૧ નાને કયારેય પણ અરજદાર વિરૂધ્ધ ચડામણી કરેલ નથી કે માવતરેથી વધુ કરીયાવર લાવવા દબાણ કરેલ નથી કે મેણાં ટોણાં મારેલ નથી. તેમજ અરજદાર કોઈ કલેકટર ઓફીસમાં જોબ કરતાં હોવાની સામાવાળા નં.૪ને કોઈ અંગત જાત માહીતી નથી. તેમજ સામાવાળા નં.૪ નાએ અરજદારને મળતાં પગારમાંથી કોઈ રકમ કયારેય ઉપાડી લીધેલ નથી કે આવી કોઈ રકમ અરજદારે સામાવાળા નં.૪ ને કયારેય આપેલ નથી. તારીખ : ૦૪/૧૧/૨૦૨૪ ના રોજ ધનતેરસના દીવસે સામાવાળા નં.૪ તેઓના પતિ તથા સંતાનોને લઈને ગૃપ સર્કલમાં મધ્યપ્રદેશ રાજયમાં ઉજજૈન અને ઓમ કારેશ્વર મુકામે દર્શન કરવા તથા ફરવા માટે ગયેલ હોય જેથી સામાવાળા નં. ૪ મોરબી મુકામે હાજર જ ન હોય જેથી અરજદારે ખોટી ઉપજાવી કાઢેલ છે. જેથી અરજદારની

હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩.૧) સદરહુ કામે સામાવાળા નં.૧ થી ૩ તરફે આંક–૧૯ થી અરજદારની મુખ્ય અરજી તથા વચ્ચગાળાની અરજીનો સંયુકત લેખિત જવાબ તથા દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, અરજદારના પિતાશ્રી પાસે કોઈ રકમની માંગણી કરેલ નથી. અરજદાર મોરબી કલેકટરમાં નોકરી કરતા હોય અને તેઓ શેર માર્કેટમાં રૂપિયા રોકતા હોય તેથી તેના પિતાને ફોન કરેલ અને કહેલ કે મારે ઓફીસ માટે રૂપિયાની જરૂર હોય મારા ખાતામાં રૂપિયા નાખો તેવુ જણાવેલ જેથી અરજદારના પિતાએ રકમ જમા કરાવેલ હતી. આ રકમ થોડા સમયમાં તેના માતા–પિતા સામાવાળા પાસે આવેલ અને કહેવા લાગેલ કે અમો જે રકમ આપેલ મારી દિકરીની ખાતામાં જમા કરાવેલ તે રકમ પરત આપો અમારે જરૂર છે જેથી સામાવાળાએ થોડીક રકમ આપેલ બાકીની રકમ થોડા સમય પછી આવીને લઈ જાવ તેવુ જણાવેલ હતુ, અને થોડા સમય બાદ તેઓ પાછા આવેલા, સામાવાળાએ અરજદાર તથા સમાજ વડીલોની હાજરીમાં સામાવાળાઓને રકમ આપેલ. અરજદારે ઓફીસમાં નોકરી કરીને પગાર મળેલ તે પગાર તેઓ રાખતા અને બાકીના તેઓ તેના માતા–પિતાને ત્યાં આટો દેવા જાય ત્યારે તેઓને રૂપિયા આપી દેતા હતા. અરજદારને રાજીખુશી તેડી જવા તેઓ તૈયાર છે. અરજદાર પોતાની મરજીથી માવતરે ચાલ્યા ગયેલ છે. આ કામના અરજદાર પ્રાઈવેટ નોકરી કરી સારી એવી આવક મેળવે છે. જયારે આ કામના સામાવાળા નં.૨ તથા ૩ વૃદ્ધ ઉંમરના હોય કશુ કમાઈ શકે તેમ નથી તથા તેઓ બિમાર રહે છે. સામાવાળા નં.૨ તથા ૩ રાજકોટ મુકામે રહે છે. સામાવાળા નં.૧ ના ટ્રેડીંગનુ કામ કરીને મહીને ૧૫ થી ૨૦ હજાર જેવી આવક મેળવે છે. અરજદાર છુટાછેડા કરવા માંગતા હોય અને તેઓ મીત સાથે લગ્ન કરવા માંગતા હોય જેથી અરજદારની વચ્ચગાળાની અરજી ના–મંજૂર કરવા અરજ છે અને અરજદારે તમામ અરજીમાં જણાવેલી હકીકતો ખોટી ઉપજાવી કાઢેલ છે જે રદ થવાને પાત્ર છે.

(૪) બન્ને પક્ષે રજૂઆત ધ્યાને લીધી. રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં આ કામના અરજદાર આ કામના સામાવાળાના પત્ની થાય છે. અરજદાર હાલ તેઓના પિયરમાં રહે છે. વધુમાં, અરજદારે પોતાની હાલની અરજીમાં તથા મુખ્ય અરજીમાં જે કથિત આક્ષેપો કરેલ છે તે આક્ષેપો પુરાવાને લગતી બાબત છે. તેમજ સામાવાળાએ તેમના જવાબમાં જે બચાવ લીધેલ છે અને અરજદારે સ્વૈચ્છીક ત્યાગ થયો હોવાની હકીકત જણાવેલ છે તે તમામ બાબત પણ પુરાવાને લગતી બાબત છે.

(૫) અરજદારની અરજી તથા સાધનીક કાગળો વંચાણે લીધા. આ કામના અરજદાર તરફે તેઓ સાથે ઘરેલું હિંસા થયેલ હોવાની હકીકત તેઓએ તેમની અરજીમાં જણાવેલ છે. તેમજ સદર અરજી સાથે અરજદારે આંક–૪ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. જેમાં માર્ક–૪/૧ થી ૪/૭ સુધી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. જેમાં અરજદારનુ આધારકાર્ડ, લગ્ન કંકોત્રી, કરીયાવરનુ લીસ્ટ, સામાવાળા નં.૧ નો બાયોડેટા, અરજદારના પિતાએ સામાવાળા નં.૧ ને રકમ આપ્યા અંગેની પાસબુકમાં થયેલ એન્ટ્રી, આ કામના સામાવાળા નં.૨ ના નામે આવેલ ખેતીની જમીનના ગામ નમુના નં.૭, ૧૨, ૮–અ ની નકલ રજુ કરવામાં આવેલ છે. તથા અરજદાર તરફે આંક–૭ થી મિલકત અને જવાબદારી અંગેનું સોગંદનામુ રજૂ રાખેલ છે. જેમાં અરજદારે કોલમ–જે માં સામાવાળા મોરબી મુકામે બ્લડ સ્ટોન સીરામીક ચલાવી મહીને રૂ.૪૫ થી ૫૦ હજાર જેવી આવક મેળવતા હોવાનુ જણાવેલ છે તથા રાજકોટ મુકામે મકાન તથા દુકાનનુ માસિક રૂ.૩૦ હજાર ભાડાની આવક મેળવતા હોવાનુ જણાવેલ છે. તેમજ સામાવાળાને રાજકોટ ઘરના મકાન આવેલ હોવાનુ જણાવેલ છે.

(૬) અત્રે, ઉલ્લેખનીય છે કે, હાલના કામે સામાવાળા દ્વારા મિલકત અને જવાબદારી અંગેનુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ નથી.

(૭) વધુમાં ઘરેલું હિંસાના કાયદાની કલમ ૨૩ વંચાણે લેવામાં આવે તો તેમાં જયારે પ્રથમ દર્શનીય રીતે જ ઘરેલુ હિંસા થયેલ હોય, તેવુ કોર્ટને જણાઇ આવતુ હોય, ત્યારે કલમ ૨૩ અન્વયે વચગાળાના જે કોઇ પણ હુકમ થઇ શકે તેવા તમામ હુકમો કરવાની સત્તા રહેલ છે. તેમજ અરજદારને વચગાળાનુ ભરણ પોષણ અપાવવાની સત્તા અત્રેની અદાલતને રહેલી હોવાનુ જણાવવામાં આવેલ છે. આમ, જયારે અરજદાર ઉપર પ્રથમ દર્શનીય રીતે ઘરેલુ હિંસા થયેલી હોય, ત્યારે તેઓ કલમ ૨૩ અન્વયે જે દાદ માંગે છે તેવી દાદ મંજુર કરવી વધુ ન્યાયોચીત જણાઇ આવે છે.

(૮) હાલના કેસમાં અરજદારે આ કામના સામાવાળા નં.૧ મોરબી મુકામે બ્લડ સ્ટોન સિરામીક ધરાવી તેમાંથી માસિક રૂ.૪૫,૦૦૦/- થી રૂ.૫૦,૦૦૦/- જેવી આવક મેળવતા હોવાની તથા બંગાવાડી ખાતે ટંકારા ધ્રોલ હાઇવે પર ગજાનન ફાર્મસી આવેલ હોય તેમાંથી સામાવાળા નં.૧ ૧ ટકા ભાગીદારી ધરાવી સારી એવી આવક મેળવતા હોવાની તથા રાજકોટ મુકામે મકાન તથા દુકાન ભાડે આપી માસિક રૂ.૩૦,૦૦૦/- જેવી આવક મેળવતા હકીકત આ કામના અરજદાર દ્વારા તેઓની અરજીમાં જણાવવામાં આવેલ છે. તથા તે અનુસંધાને અરજદાર તરફે માર્ક-૪/૪ થી સામાવાળા નં.૧ નાઓનો બાયોડેટા રજુ કરવામાં આવેલ છે, પરંતુ, તે બાયોડેટામાં જણાવેલ હકીકત પુરવાર થયા સિવાય તે ડોક્યુમેન્ટ હાલના તબક્કે સામાવાળા નં.૧ નાઓની મિલકત તથા આવકનો ઠોસ દસ્તાવેજી પુરાવો છે તેમ માની શકાય નહી. વધુમાં, અરજદાર તરફે સદર ડોક્યુમેન્ટ સિવાય સામાવાળા નં.૧ ની અરજીમાં જણાવ્યા મુજબની આવક તથા મિલકતના અનુસંધાને તે હકીકતોને સમર્થન કરતા કોઇ દસ્તાવેજી પુરાવા આ તબક્કે અરજદાર તરફે રેકર્ડ પર રજુ થયેલ હોવાનુ જણાતુ નથી તથા સામાવાળા નં.૧ નાએ આંક-૧૯ વાળા વાંધા જવાબમાં જણાવેલ છે કે, તેઓ ટ્રેડીંગનુ કામ કરી માસિક રૂા.૧૫,૦૦૦/- થી રૂ.૨૦,૦૦૦/- જેવી આવક મેળવે છે. વધુમાં, સામાવાળા નં.૧ નાએ જણાવેલ છે કે, આ કામના અરજદાર

પ્રાઈવેટ નોકરી કરી સારી એવી આવક મેળવતા હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તે કથનને સમર્થન કરતા કોઇ દસ્તાવેજી પુરાવા આ તબક્કે સામાવાળા તરફે રેકર્ડ પર રજુ થયેલ હોવાનુ જણાતુ નથી. આમ, સામાવાળા નં.૧ માસીક ઓછામાં ઓછી આવક રૂ.૧૫,૦૦૦/- થી રૂ.૨૦,૦૦૦/- જેટલી સરેરાશ ધરાવતા હોવાની હકીકત રજુ આધારો પરથી હાલના તબક્કે માની શકાય. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા હાલના સંજોગો ધ્યાને લેતાં અરજદારને માસીક રૂ.૪,૦૦૦/- સામાવાળા નં.૧ પાસેથી અપાવવા વધુ ન્યાયોચીત જણાઈ આવતુ હોય, આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**//હુકમ//**

- અરજદારની વચગાળાના ભરણપોષણની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.
- સામાવાળા નં.૧ નાઓએ અરજદારને માસીક **રૂ.૪,૦૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર પુરા)** દર માસે વચગાળાના ભરણ પોષણ પેટે અરજી કર્યા તારીખથી ચઢાચઢી અરજદારને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.
- સામાવાળાઓએ આ કેસ ચાલતા સુધી અરજદારને કોઈપણ પ્રકારની શારિરીક કે માનસિક હિંસા ન કરવાનો તેમજ કોઈપણ અડચણ, અટકાયત ન કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૭, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૭/૦૪/૨૦૨૬.
મુકામઃ ભાયાવદર.

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભાયાવદર.
UIC-GJ01515.